ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

બધાનો હોઇ શકે, સત્યનો વિકલ્પ નથી;
ગ્રહોની વાત નથી, સૂર્યનો વિકલ્પ નથી.

પાતાળે શાખ વધી, મૂળ સર્વ આકાશે,
અમારા બાગના આ વૃક્ષનો વિકલ્પ નથી.

હજારો મળશે મયૂરાસનો કે સિંહાસન,
નયનનાં આંસુજડિત તખ્તનો વિકલ્પ નથી.

લડી જ લેવું રહ્યું મારી સાથે ખુદ મારે,
હવે તો દોસ્ત, આ સંઘર્ષનો વિકલ્પ નથી

કપાય કે ન બળે, ના ભીનો વા થાય જૂનો,
કવિનો શબ્દ છે, એ શબ્દનો કોઇ વિકલ્પ નથી.

પ્રવાહી અન્ય ન ચાલે ગઝલની રગરગમાં,
જરૂરી રક્ત છે ને રક્તનો વિકલ્પ નથી.

- મનોજ ખંડેરિયા

## પાથેય

- રમેશ ઠક્કર

# વિકલ્પોનું વિસ્મય....

કહેવાય છે કે વસુંધરા બહુ રત્ના.દુનિયામાં કોઈ પણ વસ્તુ નિશ્ચિતપણે જરૂરી જ હોય એવું હોતું નથી.દરેક ચીજનો વિકલ્પ છે.કોઈ માણસ અહીં અનિવાર્ય નથી.ઈતિહાસ જોઈએ કેવા કેવા લોકો આ ધરતી ઉપર આવી ગયા છે ? એમ થાય કે એમના ગયા પછી જગતનું શું થશે?પરંતુ આપણે જોઈએ છીએ કે દુનિયા એવા લોકોના ગયા પછી પણ અવિરતપણે ચાલતી રહે છે! સિકંદર જેવા વિશ્વવિજેતા માટે પણ કહેવાય છે કે એની કબર ક્યાં છે એ આજે શોધી પણ મળતી નથી.આ એક સનાતન સત્ય છે.એની સામે કેટલીક બાબતો એવી પણ છે કે જે સમય,કાળ, ભૂગોળ,સંજોગો બધાને અતિક્રમી જાય છે.એવી હકિકતોનો વિકલ્પ જ હોતો નથી.કવિ કહે છે એમ બધાનો વિકલ્પ હોઈ શકે પરંતુ સત્યનો કોઈ વિકલ્પ હોતો નથી.એટલે જ સત્યને પરમેશ્વર કહેવામાં આવે છે.જગતમાં ગમે તેટલું પરિવર્તન આવે જે સત્ય છે એ સત્ય જ રહે છે. ગ્રહો ફરતા રહે છે.એની દિશા બદલાતી રહે છે.એના આકારમાં વધઘટ થયા કરે છે.એટલે વિકલ્પો હોઈ શકે.પરંતુ સૂર્ય એક એવો આવિષ્કાર છે કે જેનો વિકલ્પ હોઈ શકે નહીં.આ સત્ય શબ્દો થકી ઉજાગર કરીને કવિ કમાલ કરે છે.

અમુક ચીજોમાં વિસ્મય છુપાયેલું હોય છે.આપણે એને જોઈ શકતા નથી. જે સર્જક છે અથવા ફિલોસોફર છે,એ આવા ગુપ્ત રહસ્યોને પામી શકતો હોય છે.વૃક્ષ જ્યારે ફેલાય છે ત્યારે આપણે એવું માનીએ છીએ કે એનાં મૂળ નીચે ધરતીમાં વિસ્તરે છે.કવિ કહે છે કે એ શાખ પાતાળ સુધી વધે છે.એનાં મૂળ તો આકાશમાં હોય છે ! એટલે જ ભારપૂર્વક કહે છે કે અમારા બાગમાં જે વૃક્ષો છે એનો કોઈ વિકલ્પ ના હોઈ શકે !

જગતમાં અનેક રાજાઓ અને નવાબો આવી ગયા. એમનાં મયુરાસનો કે સિંહાસનોનો અજબ ઈતિહાસ આપણી સમક્ષ છે.હિરાજડિત આવાં સિંહાસનોનો વિકલ્પ હોઈ શકે.પરંતુ અશ્રુઓથી જડેલા તખતનો કોઈ વિકલ્પ ન હોઈ શકે.આપણે બહારની દુનિયા સામે તો લડી શકીએ.પરંતુ જો જાત સામે લડીએ તો જ એ લડાઈ સાર્થક.જાત સાથે લડવાનો જે સંઘર્ષ છે એનો કોઈ બીજો વિકલ્પ નથી.

દરેક ચીજને કાટ લાગે છે.દરેક જીવ ઘસારો અનુભવે છે.કેટલીક ચીજો કપાય છે બળે છે કે ભીની થાય છે કે ઉંમરમાં જૂની થાય છે.એક સર્જકનો શબ્દ જ એવો છે કે જે કાયમ નવીનતાપ્રેરક રહે છે.બધી દુન્યવી ચીજોનો વિકલ્પ હોઈ શકે,પરંતુ કવિના શબ્દનો કોઈ વિકલ્પ હજુ સુધી જગતમાં શોધાયો નથી. મકવિતા કે ગઝલ એમને એમ લખાતી નથી.એમાં રુધિર સિંચવું પડે છે.એ જ્યારે ગઝલની રગરગમાં ઉતરે ત્યારે જ કૃતિ સશક્ત બનતી હોય છે.ગઝલને લખવા માટે જે ઘાવ કે સંવેદના છે એનો બીજો કોઈ વિકલ્પ ન હોઈ શકે.દુનિયામાં ભલે દરેક વસ્તુનો કોઈને કોઈ બીજો વિકલ્પ મળી જતો હોય.અહીં પ્રાણી ચીજો એવી પણ છે કે જે લાજવાબ હોય છે.!

# લોકાભિમુખ વહીવટ-સશાસનની મક્કમતા : સુશાસન તરફની ૧૦૦ દિવસની મક્કમયાત્રા

ગુજરાત એટલે સુશાસનનો પર્યાય. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌના સાથ, સૌના વિકાસના મંત્ર દ્વારા ગુજરાતમાં સુશાસનનો મજબૂત પાયો નાખ્યો છે. તેમણે જળ શક્તિ, જ્ઞાન શક્તિ, ઊર્જા શક્તિ, રક્ષા શક્તિ અને જનશક્તિને જોડીને ગુજરાતમાં એક આગવા વિકાસ મોડેલનું નિર્માણ કર્યું છે. ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યને મક્કમ સુશાસન આપવા કટીબદ્ધ રહ્યાં છે. તેમના પહેલા કાર્યકાળમાં તેમણે લીધેલા અનેક જનહિતલક્ષી નિર્ણયોને કારણે રાજ્યની જનતાએ સરકારમાં ફરી એકવાર પોતાનો ભરોસો બતાવ્યો અને ઐતિહાસિક જનાદેશ આપ્યો છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મુખ્યમંત્રી તરીકેના દ્વિતિય કાર્યકાળના ૧૦૦ દિવસ જન જનના સાથ, સહકાર અને સેવાને વરેલા રહ્યાં. માત્ર ૧૦૦ દિવસના ટૂંકા ગાળામાં અનેક જનજનને સ્પર્શતા નિર્ણયો મક્કમતાપૂર્વક લેવાયા. એમણે લીધેલા કલ્યાણકારી નિર્ણયો ગુજરાતના લાખો લોકોના જીવનને વધુ ઉર્ધ્વગામી બનાવી રહ્યાં છે. તેમણે ૧૦૦ દિવસમાં ગુજરાતી ભાષાની અસ્મીતને ઉજાગર કરતો મહત્વનો કાયદો બનાવ્યો. હવે ધોરણ ૧થી ૮માં ગુજરાતી ભાષા ફરજિયત ભણાવવામાં આવશે. આ કાયદાના ઘડતરથી માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ થકી રાજ્યની સંસ્કૃતિ વર્ષો વરસ સુધી અકબંધ રાખી શકાશે. સરકારે વિધાનસભાના પહેલાં જ દિવસે લાખો વિદ્યાર્થીઓના ભાવિને અંધકારમય બનતું અટકે તે માટે કડક કાયદો પસાર કર્યો છે. જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે સરકાર દ્વારા કડક કાયદો બનાવાયો છે. સરકારી ભરતી પરીક્ષામાં ગેરરીતિ રોકવા કડકમાં કડક સજાનું વિધેયક લાવીને સરકાર યુવાનોના ભવિષ્યને ધૂંધળું થતું અટકાવવા પ્રતિબદ્ધ બની છે.

મુખ્યભૂમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પહેલું બજેટ આપણે સહુ જાણીએ છીએ કે, એક પણ નવા કરવેરા વિનાનું હતું. તેમણે સતત બીજા વર્ષે એક પણ નવા કરવેરા વિનાનું રાજ્યનું અત્યાર સુધીનું સૌથી વિશાળ કદ ધરાવતું ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડ રૂપિયાનું વર્ષ ૨૦૨૩-૨૪નું ઐતિહાસિક બજેટ જનતાને આપ્યું છે. જેમાં મૂડી ખર્ચની ૭૨,૫૦૯ કરોડની જોગવાઈ છે, જે ગત વર્ષની સરખામણીમાં ૯૧ ટકા વધારે છે. પાંચ સ્તંભ આધારિત આ બજેટ અમૃતકાળમાં ગુજરાતને અગ્રેસર બનાવવાનો પાયો બની રહેવાનું છે એ વાતને કોઈ નકારી શકે એમ નથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશને જી-૨૦ની અધ્યક્ષતા કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે, ત્યારે ગુજરાતમાં પણ રાજ્યમાં જી-૨૦ અંતર્ગત અર્બન-૨૦, ટુરીઝમ-૨૦, બી-૨૦ ઈન્સેપ્શન અને એન્વાયરમેન્ટ એન્ડ ક્લાયમેટ સસ્ટેનેબિલીટીના વર્કીંગ ગ્રુપની મિટીંગનું સફળતાપૂર્વક આયોજન થયું છે. ગુજરાતની મહેમાનગતિ માણીને સૌ વિદેશી મહાનુભાવો મંત્રમુગ્ધ બન્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમા ગુજરાત સરકારના ૧૦૦ દિવસમાં સુશાસન પ્રત્યેની નિષ્ઠાનો આજે સૌને વિશ્વાસ થઈ રહ્યો છે કે, જેમ શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતને આપેલા વચનો પાળ્યા હતાં તેમ ભૂપેન્દ્રભાઈએ પણ વચનો પાળ્યા છે, પાળશે અને ગુજરાતનું માન વધારશે.

આધાર કાર્ડ નંબર આધારિત ઈ-સાઈનનું ઈ-સરકારમાં ઈન્ટીગ્રેશન સંપન્ન કરવામાં આવ્યું છે. જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો. સરકારી ભરતી પરીક્ષામાં ગેરરીતિ રોકવા કડકમાં કડક સજાનું વિધેયક લાવીને સરકાર યુવાનોના ભવિષ્યને ધૂંધળું થતું અટકાવવા પ્રતિબદ્ધ બની છે. રાજ્યના સામાન્ય અને જરૂરિયાતમંદ નાગરિકોને વ્યાજખોરીના ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે ૪,૦૦૦ જેટલા લોકદરબાર યોજવામાં આવ્યા જેમાં ૧,૨૯,૦૦૦ થી વધુ લોકો હાજર રહ્યા. ૨૨ હજાર જેટલા લોકોને સરકાર દ્વારા ૨૬૧.૯૭ કરોડ રૂપિયાની લોન અપાવી. સરકારી અનાજની ચોરી કે ગેરરીતી અટકાવવા માટે રાજ્ય સ્તરની ખાસ તપાસ દળ (SIT)ની રચના કરાઈ.

પીએમ ગતિશક્તિ ગુજરાત પોર્ટલ સાથે ઈ-સરકારનું ઈન્ટિગ્રેશન. ઈ-સરકારમાં UIનું નવું કોન્ફીગરેશન અમલમાં મૂક્યું છે. પરફોર્મન્સ મેનેજમેન્ટ સુદૃઢ કરવા માટે ઈ-સરકારને સીએમ ડેશબોર્ડ સાથે ઈન્ટિગ્રેટ કરવામાં આવ્યું છે. રાજ્યની વિકાસ યાત્રાને વધુ વેગવાન બનાવવા નવીન વિઝન-ડોક્યુમેન્ટેશન સાથે એકશન પ્લાન અમલમાં મૂકાયો છે. દસ્તાવેજની નકલો ડિજિટલ સ્વરૂપે સંગ્રહ કરવાની કામગીરીના ભાગરૂપે રાજ્યની ૨૩૬ સરકારી કચેરીઓમાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો. પેમેન્ટ ફેલ્યોર ઘટાડવા માટે એસટીપી નવું પેમેન્ટ ગેટવે GARVI 2.0 શરૂ કરવામાં આવ્યું. ૫૦ હજાર સુધીના પેમેન્ટ માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી. વિકેન્દ્રિત જિલ્લા આયોજન

**પ્રસંગસર**

હેઠળ ૨૦,૦૦૦થી વધુ જનસુખાકારીના કાર્યો સંપન્ન કરાયા. ઓનલાઈન પોર્ટલ મારફતે એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ભરનારા કરદાતાને વધારાનું ૫ ટકા રિબેટ આપવામાં આવે છે. આ ઉપરાંત ૨૦૨૩-૨૪ના વર્ષના પ્રોપર્ટી ટેક્સની રકમ તા. ૩૦ જૂન-૨૦૨૩ સુધીમાં એડવાન્સ ભરનારા કરદાતાને ૧૦ ટકા રિબેટ અપાશે.

ડિસેમ્બર મહિનામાં રાજ્ય-જિલ્લા-તાલુકા અને ગ્રામ સ્વાગત મળી ૨,૯૬૧ રજૂઆતોમાંથી ૨,૫૪૬નું સકારાત્મક નિવારણ લાવવામાં આવ્યું છે. જનતાના પ્રશ્નોની રજૂઆતો સાંભળી તેના નિરાકરણ માટે તમામ મંત્રીશ્રીઓ પ્રતિ સોમવારે સવારે ૧૦:૩૦ કલાકથી સ્વર્ણિમ સંકુલ-ગાંધીનગરમાં મળવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ડિજિટલ ગવર્નન્સના નવતર અભિગમની પરિપાટીએ અદ્યતન ટેક્નોલોજી આધારિત આ મોડ્યુલ્સ – વિઝિટર્સ મેનેજમેન્ટ સિસ્ટમ, અર્બન ગ્રિવેન્સ રિડ્રેસલ મોનીટરીંગ સિસ્ટમ, CMO વોટ્સએપ બોટ મોડ્યુલનો શુભારંભ કરવામાં આવ્યો છે. વોટ્સએપ બોટ' દ્વારા નાગરિકો મુખ્યમંત્રીશ્રીની મુલાકાત માટેનો સમય માંગવાના સંપર્ક સૂત્રની તેમ જ મુખ્યમંત્રી રાહત નીધિનો લાભ મેળવવા માટેની માહિતી મેળવી શકશે. નાગરિકોની સુવિધા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય : ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ ૨૦૨૨ અન્વયેની અરજીઓ ઓફલાઈન પણ સ્વીકારવાનો પ્રજાલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યમાં થતા ઝડપી ઔદ્યોગિક, શહેરી તથા ગ્રામ્ય વિકાસ અને આર્થિક પ્રવૃત્તિઓને લીધે બદલાતી પરિસ્થિતિ ધ્યાને લેતાં રાજ્યમાં સ્થાવર મિલકતના વધેલા ભાવો મુજબ નાગરિકોની સ્થાવર મિલકતના બજારભાવ નક્કી થઈ શકશે. રાજ્યની જી.આઈ.ડી.સીમાં અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાનો મહત્ત્વનો નિર્ણય : ૫૦ ચો.મી.થી લઈને ૩૦૦ ચો.મી.થી વધુ કદના બાંધકામો નિયમિત કરાશે. રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓનું સત્વરે આયોજન કરવાનો નિર્ણય કરાયો છે. આ વર્ષે માટી ખોદાણના કામ માટેનો ભાવ પ્રતિ ઘન.મી. રૂ. ૪૦ થી વધારીને બાવન રૂપિયા કરવાનો સ્તુત્ય નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોઈ જાહેર જનતાના હિતને ધ્યાનમાં રાખી જાહેર રજાના દિવસોએ રાજ્યના ૧૮ જિલ્લાની બાવન સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવામાં આવી. સ્વામિત્વ યોજના અંતર્ગત ૨૩,૬૯૬ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ – ૫૭૭ ગામોનું બાકી રહેલું ગ્રાઉન્ડ ટ્રૂથીંગ પૂર્ણ કરવામાં આવ્યું છે.

- મિનેશ ત્રિવેદી

# આ જીવન જીવવાની કળા વળી ક્યાં શીખવા મળે?

મારા મગજમાં જ કાંઈક સોલીડ ગરબડ લાગે છે. મને છે ને બધા અગડમ બગડમ વિચાર જ આવ્યા કરે છે! આ જુઓ ને હાલ જ મને એમ થાય છે કે જો પશુ પક્ષીઓની દુનિયામાં પણ વાંચવા લખવાનું હોત અને એમનું પણ એક અલાયદું છાપું રોજ પ્રકાશિત થતું હોત તો એમાં શું ખબર છપાતી હોત. એ લોકોની દુનિયામાં પણ આપણાં જેવા જ બનાવો અને ઘટનાઓ ઘટતી હશે કે ત્યાં કાંઈક અલગ જ ગોલમાલ ચાલતી હશે. ચાલો માની લઈએ કે એમનું પણ એક છાપું આવે છે, જોઈએ એમાં શું ખબર છપાય છે ...

એક ચકલીએ એના ચકાને માર્યો. ચકો એકલો એકલો ફિલ્મ જોવા જતો રહેલો જ્યારે કે ટિકિટના અડધા રૂપિયા ચકલીના હતા. ધોળિયા કૂતરાએ એના વારસદારોના લિસ્ટમાંથી ભુરીયા ગલૂડિયાંને દુર કર્યું છે એની સમગ્ર શ્વાન સમાજે નોંધ લેવી. લીલુડા પોપટની લાલ ચાંચ લીલો રંગ લગાડેલા મરચા ખાવાથી લીલા રંગે રંગાઈ ગઈ છે. એણે મરચા પર કૃત્રિમ રંગ છાંટનાર શાકભાજી વાળા વિરૂદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. વિદેશથી ઊડીને ભારતમાં વેકેશન ગાળવા આવેલા પક્ષીઓએ અહીંના પક્ષીઓ માટે ભારેમાંની ભેંટસોગાદો લઈને જ આવવું એવી માંગ અહીંના લોકલ પક્ષી સમાજે કરી છે. એક ઉંદરે ભૂલથી શરબતને બદલે દારૂ પી લેતા નશામાં ને નશામાં બે હજારની પાંચસો કરોડની નોટો ખોતરી કાઢી.

પશુ પક્ષીના છાપામાં પોતાના ધારદાર વિચારોથી એક અલગ જ વાચક વર્ગ ઊભો કરનાર કાગડાએ એની આજની કોલમમાં ફરિયાદ કરી છે કે વરસો પહેલા એક શિયાળ એના દાદાને છેતરીને એમની પૂરી ખાઈ ગયેલું. હવે એમાં ચોખ્ખો વાંક શિયાળનો હોવા છતાં મૂરખ મનુષ્યો એ વાર્તામાં શિયાળની ચાલાકીના વખાણ કરી કાગડાને મુર્ખ બતાવે છે. કાગડાનું કહેવું છે કે માનવી પોતાની આવી, બીજાનું પડાવી લઈને રાજી થવાની વૃત્તિને લીધે જ ક્યારેય ઊંચો નહીં આવે. એ પોતાની પૂરી મેળવવાને બદલે બીજાની પૂરી પડાવી લેવાના પ્રયત્નોમાં છેલ્લે પસ્તાવો કરતો રહી જશે.

''ગધેડા ગાડા વાળે" કોલમની લોકપ્રિયતા રોજેરોજ વધી રહી છે. એ કોલમના લેખક તરીકે દરેક પ્રાણીની અદ્ભુત ચાહ મેળવનાર ગધેડાનું કહેવું છે સદીઓથી માનવો ગધેડાને એક મૂરખ અને આળસુ પ્રાણી તરીકે ચિતરતા આવ્યા છે જ્યારે કે હકીકતમાં ગધેડા માનવો કરતા અનેક બાબતે અનેક ઘણા ચઢિયાતા છે. એમનું કહેવું છે કે કોઈ મૂરખ માણસને બીજો મૂરખ માણસ એમ કહે કે તું તો સાવ ગધેડા જેવો છે ત્યારે એમને હાડોહાડ લાગી આવે છે. કોઈ માણસ લુચ્ચાઈ કરે એટલે તરત એને શિયાળ જેવો કહી દેવાય છે. કોઈ સ્ત્રી અમુક કારણોસર ફૂલીને ફુગ્ગા જેવી થઈ જાય તો તરત એને ભગરી ભેંસ જેવી કહી દેવાય છે અને કેટલાકે તો ભેંસનું ઉપનામ જ ''ડોબું" રાખ્યું છે. ભલા કયા શિયાળે લુચ્ચાઈ કરી કે કઈ ભેંસ સુંદર નથી દેખાતી! હકીકતે તો આ માનવો દ્વારા થતું સમગ્ર પ્રાણીજગતનું અપમાન છે. વરસોથી ચાલ્યું આવતું આ અપમાન હવેથી નહીં જ સાંખી લેવાય.

ઉપર તમે જે કંઈ વાંચ્યું એ તો જાણે કે પશુપંખીઓની હૈયા વરાળ થઈ. વરસોથી અબોલ રહેલા જીવને જો એમની વાત વ્યક્ત કરવાની તક મળે તો એ આવું જ કંઈ કહેવાના એ સમજાય એવી વાત છે પણ તમે એક વસ્તું નોટિસ કરી? અહીં ક્યાંય એવા સમાચાર જોયા કે ગઈ કાલે એક બિલાડીએ ધાબેથી કૂદીને આત્મહત્યા કરી! એક કબૂતરને એની પસંદની કબુતરી છોડી જતા એ ડિપ્રેશનમાં ચાલ્યું ગયું અને હાલ સારવાર હેઠળ છે! એક સિંહ શિકાર કરતી વખતે હરણાંને ના આંબી શક્યો અને હતાશામાં એણે હવેથી ક્યારેય શિકાર નહિ કરવાનું નક્કી કરી લીધું! એક ગરોળીની પૂંછડી કપાઈ જતાં એ નાસીપાસ થઈ ગઈ, એની સુંદરતા ખલાસ થઈ ગઈ એમ માનીને એણે દાળના ઉકળતા તપેલામાં પડતું મૂક્યું!

પ્રાણી જગતમાં આત્મહત્યા કે નાસીપાસ થઈ જવાનું શક્ય જ નથી. કદાચ એ શક્ય હોય તોય આપણે એ સ્વીકારી નથી શકતા કેમ કે આપણે ક્યારેય એવું જોયું નથી. હા, ક્યારેક કોઈ પાલતું પ્રાણી એના માલિકના વિરહમાં ખાવાપીવાનું છોડી દે કે એના બચ્ચાઓથી અકસ્માતે વિખૂટા પડી જતાં એ પાગલ થઈ જાય એવું બને છે ખરું પણ ખૂબ ઓછું.




બિલાડી ધાબેથી કૂદીને આત્મહત્યા નથી કરતી. કેમ? કેમ કે એણે ત્યાંથી કૂદીને પોતાની જાતને નુકશાન ના થાય એવી રીતે ઊભા થઈ જવાનું શીખી લીધું છે. એ ધારે તો પણ એવી રીતે નથી મરી શકવાની. કોઈ માણસને તરતા આવડતું હોય તો એ ઈચ્છે તોય ડૂબીને નથી મરી શકતો કે તમે જાતે તમારું નાક દબાવીને નથી મરી શકતા બિલકુલ એના જેવું જ. કોઈ કબૂતર ક્યારેય ડિપ્રેશનમાં નથી ચાલ્યું જતું કેમકે એને એવી કોઈ સુવિધા નથી મળતી. એ બિચારું તો એનું તૂટેલું દિલ લઈ બે દિવસ પડ્યું રહેશે અને પછી ત્રીજે દિવસે જાતે જ ઊભું થઈ ઉડી જશે. ફરી કોઈ નવી કબુતરી પટાવશે અને કદાચ આ વખતે ફાવી પણ જશે. એક વાર હરણ હાથમાંથી છટકી ગયું તો સિંહને કોઈ ફરક નથી પડતો. એ દાંત ઘચઘચાવી નકકી કરી લેશે કે કંઈ વાંધો નહિ આવતી કાલે તને પકડી પાડીશ. સિંહને ભૂખ લાગે ત્યારે શિકાર કરવા નીકળવું જ પડે છે એની પાસે એ સિવાય બીજો કોઈ રસ્તો જ નથી અને એટલે જ એને હાર પચાવતા આવડી ગયું છે. ગરોળી જોઈને તમને ચિતરી ચઢતી હશે. તમારી નજરે એ એક વિચિત્ર પ્રાણી હશે પણ ખુદ ગરોળી પોતાને વિશે શું વિચારે છે એ કોને ખબર? બની શકે છે ને એને તમારી ચિતરી ચઢતી હોય! ગરોળી એની પૂંછડી કપાઈ જાય તો સહેજે વિચલિત નથી થતી અને કદાચ એટલે જ એને ત્યાં નવી પૂંછડી ઉગી જાય છે.

પ્રાણીઓ કરતા આપણે ઘણા એડવાન્સ છીએ. કેટલી બધી સહુલિયત વચ્ચે જીવીએ છીએ અને તોય એમના જેવી લડી લેવાની વૃત્તિ આપણામાં નથી. એમનાં જેવી જિંદાદિલી કે એમના જેવી અમુક વાત જવા દેવાની, ભૂલી જવાની વૃત્તિ પણ આપણામાં નથી, આવું કેમ? ક્યાંક તો કશુંક ખૂટે છે અને એ શું ખૂટે છે એ જ સમજાતું નથી. પ્રેમ મેળવવા નીકળેલી વ્યક્તિને પ્રેમ મળી જાય પછી એ પ્રેમ ટકાવી રાખવા હવાતિયાં મારવા પડે છે. ધન કમાવા કે સફળ થવા નીકળેલી વ્યક્તિ એને જોઈતા સ્થાને પહોંચી જવા રાત દિવસ મહેનત કરે છે અને એ સ્થાન ના મળે કે મળે છેવટે તો એ દુ:ખી જ થાય છે.

સફળ ના થાય ત્યારે દુ:ખ થાય એ સમજી શકાય છે પણ સફળ થયા પછીય શેનું દુ:ખ? તમારા મનમાં આ સવાલ આવી ગયો ને. આ સવાલનો જવાબ એ જ સાચી રીતે સમજી શકશે જેણે ખરેખર સફળતાનો સ્વાદ ચાખ્યો છે. ટોચ પર પહોંચ્યા બાદ એ સ્થાને મળતી એકલતા અને એ સ્થળે ટકી રહેવાની ઈચ્છા એને સફળતાનો મનભરીને આનંદ નથી લેવા દેતી. સામે છેડે પ્રાણીઓને આવી બધી તકલીફ આવતી હશે કે નહીં એ તો કોને ખબર પણ એ લોકો જીવવાનું નથી છોડી દેતા એ હકીકત છે. થોડાક દિવસો વ્યથિત રહ્યાં બાદ દરેક પ્રાણી પોતાના મૂળભૂત સ્વભાવ પર પાછું ફરી જ જાય છે. આમ વિચારો તો વૈજ્ઞાનિક રીતે માણસ પણ એક પ્રાણી છે તો એણે પણ નબળી ક્ષણોને પસાર થઈ જવા દઈ ફરી નોર્મલ જીવનમાં પાછા ફરતા શીખવું રહ્યું ને...

જીવવા માટે આ દુનિયામાં ઘણું બધું છે, સારી રીતે જીવવા માટેય ઘણું બધું વિચારાય છે ખાટલે મોટી ખોડ એ જ કે સાચી રીતે જીવતા કોઈ નથી શીખવતું.

**અમસ્તું,**

નજીકના ભવિષ્યમાં જ આ દુનિયાની સૌથી મોટી સમસ્યા ડિપ્રેશન હશે. લગભગ દરેક ત્રીજી વ્યક્તિ આ રોગથી પીડિત હશે!

@Niyati Kapadia

# રામ રામેતિ રામેતિ રમે રામે મનોરમે । સહસ્રનામ તત્તૂલ્યમ્ રામનામ વરાનને ॥

ચરિતં રઘુનાથસ્ય શતકોટિપ્રવિસ્તરમ્ ।
એકૈકમક્ષરં પુસાં મહાપાતકનાશનમ્ ॥

●●●

રામ રામેતિ રામેતિ રમે રામે મનોરમે ।
સહસ્રનામ તત્તૂલ્યમ્ રામનામ વરાનને ॥

(રામરક્ષાસ્તોત્ર)

●●●

રામનવમી એટલે મર્યાદાપુરુષોત્તમ પ્રભુ રામચંદ્રનો જન્મ દિવસ.

એક કાળે સમાજમાં સત્ય ઉપર અસત્યનો , પ્રામાણિકતા ઉપર અપ્રામાણિકતાનો , સદાચાર ઉપર દુરાચારનો અને ઋષિસંસ્કૃતિ ઉપર દૈત્યશક્તિ હાવી થવા લાગી ત્યારે તેને પરાસ્ત કરવા પરાત્પર શક્તિ એ રામ રૂપે જન્મ લીધો તે સમય હતો બપોરના બાર વાગ્યાનો...તિથિ હતી ચૈત્ર સુદ નોમ.

નવનો અંક તો પૂર્ણાંક ગણાય. રામજી પૂર્ણપુરુષોત્તમ તો ખરા જ....પણ તેઓ મર્યાદા પુરુષ છે..આ ભારત ભૂમિના કૂળ - દેવતા છે. રામ ભારતની રજે રજ ને કણેકણમાં વ્યાપ્ત છે.સદીઓથી તેમનું મહિમા ગાન થતું રહ્યું છે.

આજેય અમારાં ગામડામાં કોઈ બે વ્યક્તિ મળે ત્યારે હાથ લંબાવીને " રામ - રામ " નો પ્રતિસાદ કરે છે...તુજમેં રામ મુજમેં ભી રામ..., કોઈ દુ:ખીજન સુખીયાને ઉદ્દેશીને કહેવા લાગે , " રામબાણ વાગ્યાં હોય તે જાણે " અર્થાત દુ:ખીના દુ:ખની વાતો સુખી ન સમજી શકે, કોઈ દવા અમુક દર્દ માટે કારગત નીવડે તો લોકો કહેવા લાગે.. " આ દવા રામબાણ ઈલાજ છે. " અરે , સ્મશાનયાત્રામાં ડાઘુઓ " રામ બોલો ભાઈ રામ - બોલતાં નજરે દીઠાં હશે.

આપણાં સાહિત્યમાં , ભાષામાં ,રામ સાથે જોડાયેલી કહેવતો - રૂઢિપ્રયોગોનો અભ્યાસ કરશો તો સ્પષ્ટ સમજાશે કે રામ માનવજીવન અને સમાજજીવનમાં કેવા વણાયેલા છે.રામ તો માનવીય મૂલ્યોનું પ્રતીક છે.એટલે જ રામાયણ ને માનવતાનું મહા કાવ્ય કહેવાયું છે.

તેત્રાયુગના અધિષ્ઠાતા પ્રભુ રામચંદ્ર તો પ્રેમાવતાર છે. એમને ભગવાન માનીએ કે અવતાર ..આખરે રામજી ભારતીયોના પ્રાણ છે. રામ તો કુટુંબ જીવનના નિદર્શન માટે જાગતિક જરૂરિયાત રૂપે અવતરેલ દૈવી ચરિત્ર છે.

"રામો ભુત્વૈ રામમ્ યજેત " - રામ એ ભજવાનું પાત્ર નથી ભજવવાનું પાત્ર છે.રામના ગુણો આત્મસાત કરીએ એ જ રામની ભક્તિ ગણાય.મહર્ષિ વાલ્મિકી એ રામ ચરિત્ર ગાથાને ' રામાયણ ' નામ આપ્યું એ સહેતુક છે , એનો અર્થ " રામ જે રસ્તે ચાલ્યા તે..." રામ મારગ એટલે સત્ય ,સમર્પણ અને ન્યાયનો રસ્તો..!

અહી એક વાત યાદ આવે છે , નાનક જ્યારે નાના હતાં ત્યારે ખેતરની રખેવાળીએ ગયા. સવારના પહોરે અસંખ્ય પક્ષીઓ ઉભો મોલ ચણતાં છતાં નાનક પંખી ઓને ઉડાડતા ન હતાં ત્યારે વટેમાર્ગુએ પુછ્યું કે આટલાં પક્ષી પાક બગાડે છે તો ઉડાડતા કેમ નથી ? ત્યારે નાનકજી એ કહ્યું, અત્યારે રામપ્રહર છે એમને જેટલું ચણવું હોય એ ચણવા દો..." રામ કી ચીડ઼યિા , રામ કા ખેત , ખાલો ચીડ઼યિા ભર ભર પેટ.." જે રામ પ્રહરની વિભાવના સમજી શકે એને જ ખબર પડે કે રામ કોણ છે .

હમણાં આવી જ એક ઘટના વાંચવામાં આવી , " ગાંધીજન ચન્દ્રશેખર ધર્માધિકારી નાના હતા ત્યારે શબ્દ પુરવણી ભરતા . એ વખતે તેમાં મોટાં મોટાં ઈનામો રખાતાં. તેમને માત્ર એક શબ્દ નહોતો આવડતો .તેમણે પિતા દાદા ધર્માધિકારીને એ શબ્દ પૂછ્યો. દાદા એ શબ્દ કહીને પુછ્યું કે કેમ જરુર પડી. બાળ ચંદ્રશેખરે કહ્યું કે હું એક સ્પર્ધામાં ભાગ લઈ રહ્યો છું.મને હવે મોટું ઈનામ મળશે. દાદા એ નારાજ થઈને કહ્યું , બેટા ,તમે હજી તો ખૂબ નાના છો. જો અત્યારથી હરામની કમાણી નો વિચાર કરશો તો રામની કમાણી ક્યારે ખાશો.




મિત્રો , રામને ઓળખવા કે સમજવા હોય તો રામપ્રહર અને રામકમાઈ ને સમજવી પડે..! આજના યંત્રયુગમાં માનવનું જીવન યંત્રવત બની ગયું છે. માણસ જ યંત્ર બની ગયો છે. સ્વકેન્દ્રી બન્યો છે...હવે એકલતા અનુભવે છે.માનવીય સંબંધો ખપપુરતા રહ્યાં છે.એક દિલ ને બીજા દિલ સાથે કોઈ મેળ ખાતો જ નથી..ઘર પણ હવે લોજીંગ અને બોર્ડિંગમાં રૂપાંતરિત થવા માંડ્યા છે.લોકોનું મનોસ્વાસ્થ્ય અને સમાજનું સ્વાસ્થ્ય બગડ્યું છે, ત્યારે એવે ટાણે રામની પરિવાર ભાવના આપણને માર્ગદર્શક રુપ બની રહે એમ છે. આજનો આધુનિક માણસ અમર્યાદ વિહરવા માગે છે...એને મર્યાદા ગમતી જ નથી...બધી મર્યાદાઓ ઓળંગી ચુક્યો છે ,ત્યારે પ્રત્યેકના જીવનમાં મર્યાદા પુરુષોત્તમ " રામ " લઈ જવાની - રામાભિમુખ વૃત્તિ જગાડવાની જરૂર છે. આવી દૃષ્ટિ કેળવીએ તો જ સાચા અર્થમાં રામજન્મોત્સવ મનાવ્યો એમ કહેવાશે. આજના પાવન પર્વે સત્ય અને નિષ્ઠાના માર્ગે ચાલવાનો એક નાનો શુભ સાત્વિક સંકલ્પ કરી એને ચરિતાર્થ કરવા એક ડગલું ભરીએ તોયે આ ભવફેરો સાર્થક થયેલો ગણાશે.

'એક રામ દશરથ કા બેટા , એક રામ ઘટઘટ મેં લેટા ,
એક રામ હે જગત પ્રસારા , એક રામ હે સબસે ન્યારા.'

- જય સીયારામ

સ્પર્શમણિ : -
ભક્તિ એટલે સર્જનહારમાં ખોવાઈ જવાની કળા.

●●●

એવરેસ્ટ મેળવવા માટે સ્પર્ધા જરુરી છે, કૈલાસ પહોંચવા માટે શ્રધ્ધાની જરૂર છે.

●●●

આંસુ પાડશો તો દયા મળશે પણ પરસેવો પાડશો તો પરિણામ મળશે...!!

●●●

rasikvaland1965@gmail.com
9913426949